મરકીનો ભયંકર ત્રાસ.

લખનાર.

કવિ ગિર્ધરલાલ હરકિસનદાસ.

સુરત.

કિંમત એક આનો.

હરીગીત છંદ.

આ લોકમાં આ સમય જ્વરગ્રંથીક મરકી ચાલતી,
જન સમૂહની જગદીશ તેણે ખરાબી કરી છે અતી;
સપડાય જન જે ઘર વિષે તેની પડોસીની ગતી,
દુખ ભયંકરવાળી લખી શુણી લાગે ઘણી મન ધાસ્તી. ૧
રે અંત કેરી ક્રિયા પડી પ્રિય મર્ણ શોક કરાય ના,
ઘરના ને પાસેના જનો વનવાસમાં પકડાય જ્યાં;
તે શૂન્ય મંદિર માળીયા મહિં ચાકરો પેસે અને,
બબાની શુદ્ધ લઈ ફરવે જળમય ચીજો સઘળી બને-૨
ઝાડી તોડી વસ્ત્ર વાસણ આંગણે હોળી કરે,
ફડતાલ ને દીવાલ ખોદી છાપરાં કાણાં કરે,
તફરખા થાય માલ કંઈક ઘરના બને ઘંઘોલિયાં,
કોરંટીમાં થાય કબજ જન જેમ પક્ષ્યાં જાળે ચલિયાં. ૩
મર્ણ દુખ ધનમાલ દુખ ચારે તરફની આપદા,
ઉત્પન કરી છે મરકીએ તે ટળે, પ્રભુ કરશો કૃપા;

કરી નમન. આઠ અંગથી પ્રભુ વિનવીએ દીન સ્વરે,
છો નાથજી કરૂણાનિધી વ્હારે ચડો ચહ્યું ગિધરે-૪

છંદ લાવણી.

અકળ કૃષ્ણની કળા કળી નહીં શકે કોઈ ગ્યુંણી,
દૈવી જીવ રહે દ્રઢ વિશ્વાસે હરી ઇચ્છા જાણી. ટેક-
વિક્રમ સંવત ઓગણીસસેં ત્રેપનથી ચાલી,
મુંબઈમાં ગાંઠિયા તાવની મરકી ભયવાળી.
બે ત્રણ દિનમાં મર્ણ થાય જ્યાં તાવે ગાંઠ ઘાલી,
એક પછી એક મરે કરે ઘરના ઘર બહુ ખાલી.
સરકારિ લહિવાત પુછ્યું દાકતરને હાથ ઝાલી,
શાથી મરકી ઊઠી અને કહો કેમ જશે ખાળી.
એલ એમને એસ દાકતરે દુરબીનથી ન્યાળી,
નિશ્ચય કીધો કે મરકી છે શૂક્ષ્મ જંતુવાળી.
શરદીથી તે જંતુઓની સંખ્યા રહે ફાલી,
માટે ચકલે ચકલે હોળી જોઇએ બહુ બાળી.
વળી એ રોગનો ચેપ ઉડે હિકમતથી તે ટાળી,
કરીએ મરકી અમે બંધ સત્તા સંપુરણ દયો આલી.
પકડી જઇએ દરદી તેનું ઘર ધોવું છાંટી પાણી,
દૈવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઇચ્છા જાણી. ૧
બંબા ઓલવે આગ શૂંઢ તેનીથી ધાર મારી,
દવાવાળુ પાણી નાખી જંતુ દે મારી.
ઘરના છાપરા કાપિ રવિના પ્રકાશ ઉતારી,
હવા નઠારી ઉડી જતાં થશે તરત સુખાકારી.
માળ કાપીને કિર્ણ સૂર્યના ઘર મધે ધારી,
કચરો પુંજો ઘર મધેથી કાઢી નાખી બ્હારી.

ગાભા ગોદડા ટટ્ટી જુની બાળી કરો છારી,
ગલીચીમાં મરકી છે માટે સફાઈ કરો સારી.
ચુનો છંટાવી ધામ શ્વેત કરો બારણાંને બારી,
ગંધાતી ગોળીઓ રાખો નાકે કને ધારી.
મરકીથી મરી જાય ઉંચકશો નહિ શબ ભય ધારી,
ગાડે ઘાલીને લઈ જાઓ રીતે કુળની વીસારી.
ગોલા દુબળા અડે ખબરદાર શંકા જો આણી,
દેવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઇચ્છા જાણી. ૨
તાવ ચઢયો કે ભોગ મળ્યા નર નારીના યારો,
સ્વાર સહિત દાકતર આવિને જોય સિસિ પારો.
મરકીના સિગરામ મહિં નાંખ્યો કે ફટકાર્યો,
ઇસપીતાલ અંદર બિમારને લઈ જઈ સુવાર્યો.
બીજે દીવસે ખબર મોકલે બિમાર સીધાર્યો,
મુંગે મોઢે ઉઠાવી જઈને મુકે અંગારો.
મરકીએ કર્યો કહેર શહેરના દુખનો નથી આરો,
મુંબઈથી લઈ જીવ નાઠા નરનારી હજારો.
કુચ્છિઓ ગયા કચ્છ માંડવી બીજાએ ધસારો,
કર્યો ગુજરાતે આમ તેમ જઈને પગ પેસારો.
દક્ષણીએ પુના સોલાપુર સતારામાં સારો,
મુકામ કરીને મરકી રાંડનો હાથજ વિસ્તાર્યો.
બીજાએ દમણ તેમ વલસાડે મરકી આણી,
દેવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઇચ્છા જાણી. ૩
નાસભાગ મૃત્યુ ખ્વારી કરી ત્યાંથી સુરત માંએ,
મરકીએ દિધું દરસંન લોકો ફાળે મરી જાએ.
ક્ષેત્રપાળ સૈયડકાકાની કરે સૌ પુજાએ,
તોરણ લીમડાના ઘરઘર ને ટોલ્લે બંધાએ.
ટાંકું શીળું ખાય બીકથી નમે દેવ પાએ,
[illegible] જેમ તેમ કરી જીવાએ

હિંમ્મત રાખી હુરે ફરે પણ મરણ્યા ઘણા થાએ,
તે જોઈ રહિ નહિ ધીરજ તજી ઘર બાંધ્યા માંડવાએ.
સેહેર બારે ખેતર વાડીમાં સોટા વાંસડાએ,
આડા ઉભા નાખી કીધા સાદડીના પડદાએ.
કણબી જે માલદાર વરાછાની વાટે સુખદાએ,
સુંદર મજબુત ઠોકયા માંડવા પતરાથી છાંએ.
બાંધ્યા હિંડોળાખાટ ઝુલતા જેમ રાજા રાણી,
દૈવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઈચ્છા જાણી. ૪

રૂદરપરૂ ને માછીવાડ મરકીએ વેશ કાડયો,
અન્ય જગે કરી લપટ ઝપટથી જોશ નરમ પાડયો.
શેહેર વિષે બહુ હોમ હવનનો નીકળ્યો ધુમાડો,
જમણ દક્ષણા દાનથકી તો વળ્યો આંક આડો.
પામ્યા વિપ્ર સંતોષ, સુરતવાસી કે ધન દાડો,
કરી પ્રભુએ મેર શેહેરથી રોગ હાંકી કાડયો.
ચૈત્રથી શ્રાવણ માસ શાંતીનો ઝુંડો ઉરાડયો,
મોઘવારીને ગણી નહીં લોકે રંગ રસ માંડયો.
કૃપાળુ રાજા મેઘ ખેતીવાડીમાં તાલ પાડયો,
ભાદરવે ગાજીને પ્રજાના વ્હેમને નસાડયો.
ભવિશનું કયાં ભાન મરકીએ ચ્હેરો દેખાડયો,
ચોક બજારના ઘાંચીએ કાંઠે ડેરો ગાડયો.
લુવાણાની વળી લોથ તેઓ કંઈ સતા સોડતાણી,
દૈવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઈચ્છા જાણી. ૫

મરકી સડકે દોડી ગઈ બેગમપરાની માંએ,
ગોલા ઘાંચી મરવા લાગ્યા રહિ નહિ સંખ્યાએ.
પકડા પકડી કામ ચાલ્યું દાકતર સીપાઈઓએ,
[illegible] તાલના [illegible]

લોકે માંડી તદબીર છાનામાના બાંધી જાએ,
રામ બોલો કે રાધે ગોવિંદ મુખથી નહીં ગાએ.
દિવસે મરે પણ રાત પડે ત્યારેજ મુકે બ્હારૂએ,
સર્ચ પાર્ટી આવ્યા પછી કંઈ કેસ ન છુપાએ.
દિવસ ઉગ્યો કે નવી રૂલ ચકલાપર ચોડાએ,
જે ઘરમાં જન મરે બાજુના બે ઘર ધોવાએ.
લુગડા લતા સામન સઘળો જળથી ભીંજાએ,
બંબાવાળાને લાગ ફાવે કંઈ તફડાવી જાએ.
લોક પામીયા ત્રાસ રૂચે નહીં અનાજ કે પાણી,
દેવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઈચ્છા જાણી. ૬

તિર્થ જાત્રા બંધ આગગાડીએ નહિ બેસારે,
પાસ આપે સરકાર તેજ જન પ્રદેશ પધારે.
દિનપર દિન સખતાઈ ચલાવી પૂરી સરકારે,
હરેક માંદગી જાહેર કરવી છુપે નહિ ક્યારે.
છુપાવનારા કેદ થયા કંઈ દંડાયા સારે,
ચાલી ઘરઘર તપાસ ગરીબ જન તોબા પોકારે.
ગપસપ ચાલે રોજ શહેરમાંથી કાડે બ્હારે,
એકએક ઘર ધોસે મારી બંબાની ધારે.
ક્વોરંનટાઈન વાર્ડ માંડવા પાડ્યા સરકારે,
મોટી બેચરા નજીક બૈ રાખ્યા નરને નારે.
મર્ણ પામેલાના સંબંધી પડોસી નાચારે,
ક્વોરનટાઈનમાં રહે મુશીબત વેઠી અપારે.
મૈયત ઘરના ઘઘોલિયાં થાય પુરી ધુળ ધાણી.
દેવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઈચ્છા જાણી. ૭

જાય માંડવે રેવા લઈને તીજોરી પેટારા,
[illegible] લઈ મન ગમતા મુસારા.

વાંસ સાંકટા સાહડી ને સાવરણીના ભારા,
ગોલા કુડીયા ચમન કરે ચુનાના વેચનારા.
એકુલ રાંડી છાંડી જર જેવર સંઘરનારા,
ધણી થઈને બેઠ: ધન કયાં ભાગે મરનારા.
ભાગ્યવાન ધનમાલ બેંકમાં રખાવ્યા ન્યારા,
કુરી સાબાશી શરકારે થયા ચડતા રામ પ્યારા.
નોકર સરકારી આવ્યા મરકીના હાંકનારા,
દાડા દરમાયા લેશોને ઓધ્ધા બહુ સારા.
આજકાલના કંઈ છોકરા થયા કેશ પકડનારા,
ગાળ ગરીબની ખાય રોપ બજવીને ફરનારા.
જંગલમાં થયું મંગલ માહુલે મરકી જયમ રાણી,
દેવી જીવરે દઢ વિશ્વાસે હરી ઈચ્છા જાણી. ૮

નાનપરા બજાર કરાવ્યો મરકીએ ખાલી,
નવસારી ભાગળ પણ તેવી ઉજડ પડી આલી.
કંઈક શેરી ને પોળ વિના વસ્તી થઈ ભયવાળી,
નીશ જઈ ન શકાય રખે ચોરે ગલચી ઝાલી.
નવ ન્યારી પારટી વાડીનીજ મધે નિત ચાલી,
રાખે બંદોબસ્ત કહે મરકી દઈએ ટાળી.
ઉપરી ઇંગ્લીશમેન વેલ્સ સગરામપરે વહાલી,
ગોપીપરામાં મેકલીનની તપાસ બળવાળી.
હરીપરામાં જજ નામના સાહેબ સત અ.લી,
હોબ્સન સાહેબે પાસ કર્યાં બહુ ઘરો અને ચાલી.
એ અધિકારી ભાગાતળાવની વસ્તી સંભાળી,
એવી બીજી પારટીઓ સમજવી એટલી છે ન્યાળી.
રસિક જને જોવું કે મર્ણ છે સહજ લેવું માણી,
દેવી જીવરે દઢ વિશ્વા [illegible]

ઈંગ્લીશમાં મરકીને પ્લેગ કહે કેસ ને સપડાયો,
આ સમયે એક પુછે એકને કયમ કેસ સમજાયો.
કેસ ઘણાં જ્યાં થાય જાય કવોરંનટાઈન પાયો,
તેપણ છે ત્રણ પ્રકાર ભમે ચિત હોય કદી ડાયો.

છુટે એચરાજીથી તે તો મજુરામાં માયો,
એવામાં કદી તાવ ચડયો તો ઈસ્પીતાલ જાઓ.
કેવી કેટલી તપાસ ધન્ય સરકાર તણો સાચો,
સત્તાવાળાઓ જંપે નહિ જીવ તેમનો ગભરાયો.

મેનતનો બદલો મળશે વળિ જશ લોકે ગાયો,
બ્હાર પડેલા લોકને કે છે નાહી ઘરમાં જાઓ.
એક સર્વેને સરકારે કહ્યું ઘર ચુને છંટાઓ,
રંગ રોગાન પણ તાજા કરજો રખે ભૂલ ખાઓ.

શ્હેર સઘળામાં ધમાલ ચાલી હરખની નીસાણી,
દેવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઈચ્છા જાણી. ૧૦

સમયનુ વીપરીતપણું શું કેવું કોઈનું નહીં કોઈ,
બાપ દીકરાને રાખે નહીં બૈરી લાખે લ્હોઈ.
શરીર બગડે કે તેની ખબર આપે મીતી ખોઈ,
નિર્દયતા આવી તો આગળ સુણી નથી જોઈ.

જેને ત્યાં થયું મર્ણ ત્રાસથી તે ન શકે રોઈ,
સરસામનની કરે વ્યવસ્થા ઘર દેતાં ધોઈ.
પ્રાણી માત્ર પ્રભુજીને વિનવે જોડી કર દોઈ,
ક્ષમા કરો હરી હવે વિપત્તી નથી જાતી જોઈ.

દ્રવ્ય હીનને કુલીન જનની ઈંધન વિના સોઈ,
[illegible] મામાં લો હરીમાં મન પ્રોઈ.

શ્રી કૃષ્ણ કૃપાનો મહિમા મોટો અથ નાખ પાઈ,
રટણ રમાપતીનું રાખો મન મરકી જશે ખોઈ.
કૃષ્ન કથા મન દયા પારકી કહો સાચી વાણી,
દૈવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઇચ્છા જાણી. ૧૧

અસ્તાવ્યસ્ત મનુષ્ય માલના થવામા નથી બાકી,
ગ્રહસ્થ પર પણ ગુજરી તે રહ્યા મમરા સેવ ફાકી.
સુજન સહન કરે કષ્ટ શ્રેષ્ઠ નાવે કાકો કાકી,
મરકી દુઃખ સાથે પિડા કરી બજારની પાકી.
ધનીએ તરત કરાવ્યા કાચા નિર્ધન રે તાકી,
દસવીસ રૂપીઆ જોઇએ હુમાણુ બેઠા જઈ થાકી.
રાજાને શી ખબર રંકની મુસીબતી પાકી,
વેશ્યા ને શી શરમ કુલીન સ્ત્રી દે મુખડું ઢાંકી.
પ્રભુએ ધની દરીદ્રી કીધા સૃષ્ટી સરલ વાંકી,
સરલ શકે કરી પ્રવેશ તરત રે વંક દિશા ઝાંકી.
આમ સમર્થને ઘટે વિચાર્યું દેવું નહીં હાંકી,
બધા બરોબર ન હોય સકતી કરવી નહી પાકી.
ગિર્ધરલાલ કે અંતરયામીને નથી ગતી અજાણી,
દૈવી જીવરે દ્રઢ વિશ્વાસે હરી ઇચ્છા જાણી. ૧

[illegible]